BRAMPTON

**Media Release**

ત્વરિત જાહેરાત માટે

## સિટી ઓફ બ્રૅમ્પટનના મેયર પેટ્રિક બ્રાઉન (Mayor Patrick Brown) દ્વારા પ્રસ્તાવિત2024ના અંદાજપત્રનું અનાવરણ થયું

*2024 બજેટ ટ્રાન્ઝિટ અને આરોગ્ય સંભાળ પર ધ્યાન કેન્દ્રિત કરી બ્રૅમ્પટન એડવાન્ટેજને આગળ ધપાવે છે*

બ્રૅમ્પટન, ઓન્ટારિયો (29 નવેમ્બર 2023) – આજે સિટી ઓફ બ્રૅમ્પટનના મેયર પૅટરિક બ્રાઉને નવા પ્રોવિંશ્યલ કાયદાના *સ્ટ્રૉંગ મેયર્સ, બિલ્ડિંગ હોમ્સ ઍક્ટ 2022* હેઠળ તેમનું સહુ પ્રથમ મેયર બજેટ રજૂ કર્યું. 2024ના બજેટ્નો સત્તાવાર મુસદ્દો હવે ઉપલબ્ધ છે જેથી રહીશો અને વ્યવસાયો તેના વિકાસના મહત્ત્વપૂર્ણ પગલા તરીકે પોતાના અભિપ્રાય રજૂ કરી શકે.

*બિલ્ડિંગ દ બ્રૅમ્પટન એડવાન્ટેજ*, પર ધ્યાન કેન્દ્રિત કરીને આ બજેટમાં મહત્ત્વપૂર્ણ રોકાણો છે જે મેયર અને કાઉન્સિલની આર્થિક વિકાસ અને જાહેર ટ્રાન્ઝિટ, આરોગ્ય સંભાળ, રિક્રિએશન, પર્યાવરણ, માર્ગો અને ઈન્ફ્રાસ્ટ્રક્ચર અને કમ્યુનિટી સેફ્ટીને સમતોલ રાખવાની પોતાની પ્રતિબદ્ધતા પ્રતિબિંબિત કરી શકશે.

પ્રત્યેક વર્ષે, વાર્ષિક અંદાજપત્ર તેવા લક્ષ્યો, અગ્રિમતાઓ અને પહેલોને સૂચવે છે જે સુનિશ્ચિત કરે છે કે સિટી એવી અગ્રિમતાઓમાં નિવેશ કરે છે જે રહીશો માટે અગત્યની હોય. વ્યાપક સામુદાયિક જોડાણ અને 5000થી વધુ રહીશો સાથે બજેટ પૂર્વે યોજાયેલ ટેલિફોન ટાઉન હોલમાંથી મળેલા પ્રતિસાદ, સમગ્ર શહેરના વૉર્ડ કાઉન્સિલરો સાથે કોફી ચૅટ અને બિઝનેસ રાઉન્ડટેબલ દ્વારા આકાર પામેલું આ વર્ષનું બજેટ શહેરની વ્યૂહાત્મક યોજના સાથે સુસંગત છે અને સમુદાયમાં રેકૉર્ડ-સ્તરનું રોકાણ કરે છે.

જાહેર પ્રતિનિધિમંડળો અને કાઉન્સિલની ચર્ચા મંગળવાર, 5મી ડિસેમ્બરથી શરૂ થશે.

### 2024 પ્રસ્તાવિત અંદાજપત્રના મુખ્ય મુદ્દાઓ (Budget Highlights)

*કિફાયતીપણું અને સેવાની ઉત્કૃષ્ટતા*

- 1.9%ના દરે, સિટી કરવેરા બિલના શહેરના હિસ્સા પર સૂચિત કર વધારો આપવા માટે સક્ષમ છે, જે સપ્ટેમ્બર 2023 ના ફુગાવાના દર (3.8%) થી નીચે છે. આ વધારો પીલ રિજને કરેલ વધારાથી અડધાથી પણ ઓછો (4.5 ટકા) છે અને સિટી ઓફ મિસિસોગાના (2.3%) કરતા ઓછો છે અને GTAમાં સૌથી નીચો છે.

- $139મિલિયન - રિઝર્વમાં અત્યાર સુધીનું સૌથી મોટું યોગદાન, જેમાં સિટી બસો, રસ્તાઓ, મનોરંજન કેન્દ્રો, જાહેર સ્થળો અને અન્ય માળખાગત અમિલકતોને ટકાઉપણાના સ્તરે રાખવા માટે લેવીનો સમાવેશ થાય છે. મોટા ભાગની રકમ આપણા ઈન્ફ્રાસ્ટ્રક્ચરને ટકાવી રાખવા અને વધારવા તરફ જશે.
- $913M ઓપરેટિંગ બજેટ, $544M કેપિટલ બજેટ = $1.5B કુલ

*આરોગ્ય કાળજી*

- સિટીએ સિટીના સ્થાનિક હિસ્સા માટે $125 મિલિયનના શેર માટે $74 મિલિયન (સપ્ટેમ્બર 2023) થી વધુનું અનામત ભંડોળ ઊભું કર્યું છે.
- બ્રેમ્પટન માટે બીજી હોસ્પિટલ અને નવા કેન્સર કેર સેન્ટરના નિર્માણને ટેકો આપવા માટે 1% હોસ્પિટલ લેવી ચાલુ રાખવામાં આવશે
- નવી મેડિકલ સ્કૂલ માટે સહાય

*ટ્રાન્ઝિટ*

- બસોની ખરીદી અને નવીનીકરણ: $78.4 મિલિયન
- બ્રૅમલિ રોડ કોરિડોર પર બ્રેમ્પટન ટ્રાન્ઝિટ ઝૂમ સર્વિસ વિસ્તરણ: $3.8 મિલિયન
- 108,500 નવા ટ્રાન્ઝિટ સર્વિસ કલાકો
- 136 નવા ટ્રાન્ઝિટ ઓપરેટરો

*રિક્રિએશન*

- એમ્બલટન કમ્યુનિટી સેંટર ચણતર: $79.8મિલિયન
- હાવડન રિક્રિએશન સેંટર ચણતર: $24.2M
- ક્રિકેટ ઈન્ફ્રાસ્ટ્રક્ચર અને પ્રોગ્રામિંગ $6M
- સેંચુરી ગાર્ડન્સ યુથ હબ ચણતર: $5.5M
- ટેનિસ, કબડ્ડી, પિકલબૉલ, બાસ્કેટબૉલ, શ્વાન ઉદ્યાન અને રમતગમત મેદાનનો વિકાસ: $6.1M
- મેમોરિયલ અરિના વિસ્તરણ (ચણતર): $2.5M
- FCCC ખાતે લૉન બોલિંગ $9,00,000
- CAA સેંટર પર બાસ્કેટબૉલ કોર્ટ અને વિકાસ કાર્યો: $3,75,000
- સેંટ્રલ પીલ ખાતે બનાવટી ટર્ફ: $2,00,000
- નવું લોફ્સ લેક રિરિએશન સેંટર ખાતે સમાવેશીત મલ્ટિ-સેન્સરી રૂમ: $1,00,000

*પર્યાવરણ*

- રિવરવૉક ફેઝ એક (પુર સુરક્ષા): $87.3M
- ગટરની ચેનલનું નિરીક્ષણ અને જાળવણીનો કાર્યક્રમ: $1M
- ધોવાણ નિયંત્રણ અને સ્ટ્રીમબેંકની સ્થિરતા: $1M
- ઊર્જા દક્ષતા કાર્યક્રમો મારફતે ઊર્જા અને ઉત્સર્જનમાં ઘટાડો કરવો: $2,15,000
- કમ્યુનિટી ઉદ્યાનોનો વિકાસ: $1,00,000
- ચીંગકુસી પાર્ક અપગ્રેડ્સ: $25,000
- સ્ટોર્મવોટર કેપિટલના સુધારા $7.9M

**બ્રૅમ્પટન બજેટ વિકાસ પ્રક્રિયા વિષયક**

પ્રસ્તાવિત બજેટ હવે સિટીની વેબસાઈટપર પોસ્ટ કરવામાં આવ્યું છે. જો તમને દસ્તાવેજો વૈકલ્પિક સ્વરૂપમાં જરૂરી હોય તો અહીં તમારી વિનંતી રજૂ કરશો accessibility@brampton.ca.

જાહેર પ્રતિનિધિમંડળો અને કાઉન્સિલની ચર્ચાઓ મંગળવાર, 5 ડિસેમ્બરથી શરૂ થશે, જેમાં 13 ડિસેમ્બર, 2023 ના રોજ અંતિમ બજેટ મંજૂરીની યોજના છે.

*મ્યુનિસિપલ એક્ટ, 2001*, શહેરના બજેટ અંગેની સત્તાઓ અને ફરજોની રૂપરેખા આપે છે, જે હવે મેયર દ્વારા રજૂ કરવામાં આવે છે. કાયદો જણાવે છે કે "*કાઉન્સિલના વડા, નિયમો અનુસાર,સિટી માટે બજેટ પ્રસ્તાવ તૈયાર કરશે અને સિટી કાઉન્સિલની વિચારણા માટે સિટી કાઉન્સિલને પ્રસ્તાવિત બજેટ પૂરું પાડશે.*"

કાઉન્સિલ માટે બજેટ પર વિચાર કરવા માટે 30 દિવસનો સમયગાળો શરૂ થાય છે જે દરમિયાન મેયરના બજેટમાં સુધારો કરવા માટે કાઉન્સિલ ઠરાવો પસાર કરી શકે છે. કાઉન્સિલ 30 દિવસના સમયગાળામાં ઠરાવ દ્વારા ઘટાડો કરી શકે છે. 30-દિવસની (અથવા ટૂંકાવેલ) સમયગાળો સમાપ્ત થયા પછી, બજેટને સ્વીકાર્ય હોવાનું ગણવામાં આવે છે (જો બજેટમાં સુધારો કરવા માટે કોઈ કાઉન્સિલના ઠરાવો પસાર કરવામાં આવ્યા ન હોય તો). જો કાઉન્સિલ બજેટમાં સુધારો કરવાનો ઠરાવ કરે છે, તો મેયર પાસે વિટો કરવા 10 દિવસનો સમયગાળો છે. કાઉન્સિલના ઠરાવને વીટો (નિર્ણાયક મત) આપવાના મેયર દ્વારા લેવાયેલા કોઈ પણ નિર્ણયને કારણે કાઉન્સિલના તમામ સભ્યોના બે તૃતીયાંશ સભ્યોના મત દ્વારા મેયરના વીટોના નિર્ણયને રદ કરવાની વિચારણા કરવા કાઉન્સિલ માટે 15 દિવસની મુદત લાગુ પડશે.

સિટીની બજેટ પ્રક્રિયા તેમના સંસર્ગ અને પ્રવૃત્તતાના પ્રયાસોના માધ્યમથી બ્રૅમ્પટનના નાગરિકોને પ્રવૃત્ત કરે છે, જાણકારી આપે છે અને પ્રશિક્ષિત કરે છે જેમાં સામેલ છે ટેલિફોન ટાઉન હૉલ્સ, કોફી ચૅટ્સ, જાહેરખબરો, સમાચારો, સોશ્યલ મિડિયા અને સિટીની બજેટ વેબસાઈટ.

આ વર્ષનું બજેટ[સીટી ઓફ બ્રૅમ્પટન કોર્પોરેટ વ્યુહાત્મક યોજના 2022-2026]નું સમર્થન કરે છે. આ નિર્ણાયક દસ્તાવેજ સમુદાય માટે સૌથી મહત્વપૂર્ણ હોય તેને પ્રાધાન્ય આપવા અને ડિલિવર કરવા માટે માળખું પૂરું પાડશે. તે એક જીવંત યોજના હશે જે આ સિટીના બજેટ, માસ્ટર પ્લાન્સ, પરિયોજનાઓ, સેવાઓ અને સંસાધનો માટેનો સંદર્ભ સુયોજીત કરે છે.

**વધારાના સંસાધનો**

2024 ના પ્રસ્તાવિત બજેટની સમીક્ષા કરવા માટે અથવા મુસદ્દાનું ટૂંકુ સંસ્કરણ વાંચવા માટે, કૃપા કરીને અહીં મુલાકાત લો www.Brampton.ca/budget.

સિટી કાઉન્સિલ સભામાં રજૂઆત કરવા વિશે વધુ જાણકારી માટે અહીં મુલાકાત લો સિટી ઓફ બ્રૅમ્પટન | કાઉન્સિલ અને સમિતિઓ | જાહેર સભાઓમાં હાજરી આપવી, ભાગ લેવો અથવા સમિતિમાં જોડાવા માટે.

**સુવાક્યો**

"હું 2024 ના બજેટનું અનાવરણ કરવા માટે રોમાંચિત છું, જે બ્રૅમ્પટન એડવાન્ટેજના નિર્માણ માટે સમર્પિત વ્યૂહાત્મક બ્લુપ્રિન્ટ છે. આ અંદાજપત્રમાં પરિવહન, આરોગ્ય સંભાળ, રિક્રિએશન, સામુદાયિક સુરક્ષા, પર્યાવરણ, અને માર્ગો અને માળખાગત સુવિધાઓમાં મહત્ત્વપૂર્ણ રોકાણોને પ્રાથમિકતા આપવામાં આવી છે, જે બ્રૅમ્પટનના દરેક રહીશના સમૃદ્ધ અને જીવંત ભવિષ્યને સુનિશ્ચિત કરે છે. મને એ જાહેરાત કરતા ગૌરવનો અનુભવ થાય છે કે આ બજેટ અનામત રકમોમાં જંગી યોગદાન આપે છે અને GTAમાં સૌથી ઓછો કર વધારો કરે છે. અમે આ બજેટને અંતિમ સ્વરૂપ આપી રહ્યા છીએ, ત્યારે તમારો અભિપ્રાય મહત્ત્વપૂર્ણ છે જે સર્વસમાવેશક વૃદ્ધિ અને સ્થિતિસ્થાપક સમુદાય પ્રત્યેની અમારી પ્રતિબદ્ધતાને પ્રતિબિંબિત કરે છે."

- *પૅટ્રિક બ્રાઉન, મેયર, સીટી ઓફ બ્રૅમ્પટન*

-30

**કૅનેડાના સૌથી ઝડપી વિકાસ કરતા શહેરો પૈકી એક તરીકે બ્રૅમ્પટનમાં 7,00,000 કરતા વધુ લોકો વસે છે અને તેમાં 90,000 વ્યવસાયો છે.** અમે જે કઈ કરીએ છીએ તેનો હાર્દ છે લોકો. અમને ઊર્જા મળે છે અમારા વિવિધ સમાજોમાંથી, અમે રોકાણ માટે આકર્ષણનું કેન્દ્ર છીએ અને અમે તકનિકી અને પર્યાવરણીય નવિનતા તરફ દોરી જતી યાત્રાનું

નેતૃત્વ કરીએ છીએ. અમારી ભાગીદારી એવા નિરોગી શહેરના વિકાસ માટે છે જે સુરક્ષિત, ટકાઉ , અને સફળ હોય. અમારી સાથે X (જે અગાઉ Twitter તરીકે ઓળખાતું હતું), Facebook, LinkedIn અને Instagram પર જોડાવ. વધુ જાણવા માટે www.brampton.ca

**મિડિયા સંપર્ક (MEDIA CONTACT):**
સિટી ઓફ્ બ્રૅમ્પટન મલ્ટિકલ્ચરલ મિડિયા
multiculturalmedia@brampton.ca